# કોર્ટ કેસની દાઝ રાખી પુત્રવધૂએ સસરાના બંધ મકાનમાં કરી તોડફોડ

## એરપોર્ટ રોડ પર બંધ મકાનની દીવાલ ઠેકી અંદર પ્રવેશી મકાનમાં તોડફોડ કર્યાની ફરિયાદ

ભાવનગર,તા.૨૦

પી.જી.વી.સી.એલ.ના નિવૃત્ત અધિકારીના ઘરે તેની જ પુત્રવધુએ બંધ મકાનની દિવાલ કુદીને આવી, ઘરના બારી, બારણા ઉપર પથ્થરમારો કરી, તોડફોડ કરી, ફરાર થઈ જતાં સસરાએ તેમની પુત્રવધુ વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરી હતી. શહેરમાં એપોર્ટ રોડ પર મકાન ધરાવતા અને હાલ પુત્ર સાથે રાજકોટ ખાતે રહેતા પી.જી.વી.સી.એલ.ના નિવૃત અધિકારી હમીરભાઈ કાનજીભાઈ પડાયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના નાના દિકરા ભાવેશભાઈના પત્નિ પ્રિયંકાબેન ભાવેશભાઈ પડાયાએ પાલિતાણા ખાતેથી આવી, હમીરભાઈના એરપોર્ટ રોડ ઉપર આવેલ રવિપાર્કના બંધ મકાનમાં દિવાલ કુદીને ઘુસી ગયા હતા અને તેમના પુત્રવધુ પ્રિયંકાબેન પડાયાએ ઘરનો હોલ તેમજ રસોડાની બારીઓમાં પથ્થરો ફેંકી, કાચની તોડફોડ કરી હતી તેમજ બારણા ઉપર ઈંટોના ઘા ઝીંકી, બારણા તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરી ત્યાંથી ફરાર થયા હોવાની પ્રિયંકાબેન પડાયા વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. વધુમાં ફરિયાદમાં જણાવાયું હતું કે, હમીરભાઈનો દિકરો ભાવેશભાઈ તેમના કહ્યામાં ન હોય અને ભાવેશભાઈ વિરૂદ્ધ પ્રિયંકાબેને તેમજ તેમના પરિવારના સભ્યો વિરૂદ્ધ મહુવા કોર્ટમાં કેસ કરેલ હોય જે કેસ ચાલું હોવાની દાઝ રાખી હુમલો કર્યો હતો.

# SITએ વધુ એકની ધરપકડ કરી: બગદાણા હુમલા કેસમાં ધરપકડનો આંક અગિયાર થયો

## તબક્કાવાર ધરપકડનો દૌર યથાવત, પોલીસની આગળની કાર્યવાહી પાર લોકોની મીટ



ભાવનગર,તા.૨૦

બગદાણાના કોળી સમાજના યુવાન નવનીત બાલધીયા પર થયેલા હુમલા કેસમાં SITની તપાસ દરમિયાન વધુ એક આરોપી ઝડપાયો છે. તળાજા તાલુકાના કોદીયા ગામનો રહેવાસી દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી પાડવામાં આવ્યો છે. ગત મોડી રાત્રિના આરોપીને મેડિકલ ચેકઅપ માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો.

મહુવા તાલુકાના બગદાણા ગામના કોળી સમાજના યુવાન નવનીત બાલધીયા પર થયેલા હુમલામાં પ્રથમ ૮ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા, જ્યારે આ બનાવ અંગે ભાવનગર રેન્જ આઈજી દ્વારા તા.૫ જાન્યુઆરીના રોજ એક SIT ટીમની રચના કરવામાં આવી હતી. જેમાં અગાઉ ઝડપાયેલા ૮ આરોપીઓની કોર્ટમાંથી કબ્જો મેળવી SIT દ્વારા રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડમાં આરોપીઓની પૂછપરછ દરમિયાન SIT ટીમ દ્વારા પ્રથમ કાનાભાઈ ભીખાભાઈ કામળીયાને અને ત્યાર બાદ સંજય ચાવડાને ઝડપી પાડ્યા હતા. ત્યારે ગત રાત્રિના આ બનાવમાં SITએ વધુ એક શખસ દિનેશભાઈ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. જેને ગત મોડી રાત્રિના મેડિકલ ચેકઅપ માટે ભાવનગરસાર ટી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. ત્યારે SITની તપાસ દરમિયાન ૩ અને અગાઉ ૮ મળી કુલ ૧૧ શખસોની ધરપકડ કરવામાં આવી છે.

### અત્યાર સુધીમાં આ ૧૧ લોકોની ધરપકડ

બગદાણા હુમલાની ઘટનામાં આરોપી નાજુ કામળીયા, રાજુ ભમ્મર, આતુ ભમ્મર, વિરેન્દ્ર પરમાર, સતિષ વનાળીયા, ભાવેશ સેલાળા, વિરુ સઈડા, પંકજ મેર સહિત ૮ની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આ બનાવમાં જીૈં ટીમની રચના કરવામાં આવી હતી. તે જીૈંની તપાસમાં પ્રથમ કાનાભાઈ ભીખાભાઈ કામળીયા અને ત્યાર બાદ સંજય ચાવડાને ઝડપી પાડવામાં આવ્યા હતો, અને ગત રાત્રીના દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકીને ઝડપી પાડયા છે.

# કાળિયાબીડ-સીદસર રોડ સહિતના વિસ્તારોમાં રહેશે વીજકાપ

ભાવનગર,તા.૨૦

શહેરમાં ભાવનગર પી.જી.વી.સી.એલ. દ્વારા કાળિયાબીડ અને સીદસર રોડ સહિતના વિસ્તારોમાં વીજકાપ જાહેર કર્યો છે. PGVCL ભાવનગર સિટી-૨ ડિવિઝન દ્વારા વીજળીની લાઈનના સમારકામના અગત્યના કામ અનુસંધાને આગામી ૨૧મી અને ૨૪મી જાન્યુઆરી-૨૦૨૬ના દિવસે ૧૧ કે.વી.ના જ્ઞાનમંજરી અને ભરતનગર ફિડરોમાં બે દિવસ મરામતની કામગીરી દરમિયાન સવારે ૬:૩૦ થી બપોરના ૧:૩૦ સુધી સાત કલાકનો વીજકાપ જાહેર કરવામાં આવ્યો છે.

પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીની લાઈનોની મરામતની કામગીરીથી તા.૨૧મી જાન્યુઆરી-૨૦૨૬ બુધવારે ૧૧ કે.વી. જ્ઞાનમંજરી ફિડર નીચે આવતા કાળિયાબીડના ભાંખલપરા, સુર્યનગર, નંદનવન, સ્વામી નારાયણનગર, મહાવીર નગર, જ્ઞાનમંજરી સ્કુલ, સરદાર પટેલ સ્કુલ, હરીઓમ નગર, નિલમણીનગર, યોગેશ્વરનગર, અક્ષરધામ–૧-૨-૩, પ્રમુખ સ્વામીનગર, મારૂતિ સોસાયટી, શાંતિનગર-૧ (ભયલુભાઈની વાડી) તથા આજુબાજુના વિસ્તારમાં વીજકાપ લદાયો છે. તેમજ તા.૨૪મી જાન્યુઆરી-૨૦૨૬ શનિવારે ૧૧ કે.વી. ભરતનગર ફિડર નીચે આવતા સીદસર રોડ પરના તુલસી પાર્ક-૨, વાણંદ સોસાયટી, જગદિશ્વર પાર્ક, લક્ષ્મીનગર, ચંદ્રપ્રકાશ, રામેશ્વર સોસાયટી, મોહનનગર, નંદવિલા બંગલો, રેખા સોસાયટી, ચૈતન્ય વિલા, કામીનીયાનગર તળાજા રોડ પરની જલારામ સોસાયટી, નવું જુનું શીવનગર, શ્રીનાથજી ૧-૨-૩, લક્ષ્મીનગર (મંગલમ હોલ), પ્રયોશા રેસીડેન્સી, ચિત્રકુટનગર, આસ્થા હોમ, મંગલમ હોલ, સીતારામનગર, અક્ષરપાર્ક, ધર્મલોક, અનંત ફલેટ આજુબાજુનો વિસ્તારમાં વીજકાપ રહેશે. PGVCL દ્વારા મરામતની કામગીરી વહેલું પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

# સ્વામી વિવેકાનંદ હોમીયોપેથીક કોલેજનો ઉજવાયો સિલ્વર જયુબિલી વાર્ષિકોત્સવ

## વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય, સંગીત, નાટક તથા વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરાઈ

ભાવનગર,તા.૨૦

સંસ્થાના રજત જયંતિ સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ ગત દિવસોમાં મેઘાણી ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં થયેલા વિકાસને ઉજાગર કરવાનો હતો.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજવલન અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે કુલપતિ પ્રો.ડો. ભરત રામાનુજ, ડો.ગીરીશ ગોસ્વામિ, ડો. ભાવેશ જાની




તથા ટ્રસ્ટીઓ કિશોરભાઈ કીકાણી તથા મૃદુલાબેન કીકાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે પોતાના પ્રેરણાદાયક પ્રવચનમાં વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સંસ્કાર, શિસ્ત અને સર્વાંગી વિકાસનું મહત્વ સમજાવ્યું હતું. ઉજવણી દિન દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય, સંગીત, નાટક તથા વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. જેને દર્શકો તરફથી ખૂબ પ્રશંસા મળી હતી. ઉપરાંત શૈક્ષણિક તથા સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કારો અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે સંસ્થાના પ્રિન્સીપાલ ડો. ગિરીશ પટેલએ ઉપસ્થિત તમામ મહેમાનો અને સહભાગીઓને આભાર વ્યક્ત કર્યો હતો તથા આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને પ્રતિભા વિકસે છે તેમ જણાવ્યું હતું.

# ખેલ મહાકુંભમાં મોણપુરની વિદ્યાર્થીની ગોળા ફેંકમાં રાજ્ય કક્ષાએ દ્વિતીય નંબરે



**નવ્યાબેનએ વલભીપુર તાલુકા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું, શિક્ષણ અધિકારી દ્વારા કરાયું સન્માન**

વલભીપુર,તા.૨૦

ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તા.૧૮ના રોજ યોજાયેલ રાજ્ય કક્ષાની ગોળાફેંક સ્પર્ધામાં વલભીપુર તાલુકાની મોણપુર પ્રા. શાળાની વિદ્યાર્થિની નવ્યાબેન સંજયભાઈ ઢાઢોદરા એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. નવ્યાબેનએ અંડર-૧૪ વયજૂથમાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી મોણપુર ગામ અને વલભીપુર શિક્ષણ જગતનું નામ રોશન કર્યું છે.

નવ્યાબેનએ તાલુકા અને જિલ્લા કક્ષા બાદ રાજ્ય કક્ષાએ પણ પોતાની રમતની સાતત્યતા જાળવી રાખી હતી. આ સફળતા બદલ વલભીપુર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગોપાલભાઈ મકવાણા તથા કેળવણી નિરીક્ષક હેમરાજસિંહ ચૌહાણે નવ્યાબેનને 'અભિનંદન પત્ર' પાઠવી તેમની સિદ્ધિને બિરદાવી હતી.બાળકોમાં રહેલી શક્તિઓને ખીલવવા માટે વલભીપુર તાલુકા શિક્ષણ પરિવાર હંમેશા કાર્યરત રહ્યો છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ મોણપુર પ્રાથમિક શાળાનો શિક્ષક પરિવાર, એસ.એમ.સી. કમિટી અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વલભીપુરમાં નવસર્જન ટ્રસ્ટ દ્વારા સામાજિક ગૌરવ સન્માન સમારોહ

## ધર્મેન્દ્રસિંહ સોલંકી અને બનભા મોરીનું પુસ્તક અર્પણ કરી બહુમાન કરાયું

વલભીપુર,તા.૨૦

વલભીપુર ખાતે કાર્યરત સામાજિક સંસ્થા 'નવસર્જન ટ્રસ્ટ' દ્વારા તાજેતરમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ માટે એક સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વલભીપુરના જાણીતા પત્રકાર ધર્મેન્દ્રસિંહ સોલંકીને ડો. બાબાસાહેબ આંબેડકરનું 'ભારતનું બંધારણ' પુસ્તક અર્પણ કરી તેમની નિષ્પક્ષ પત્રકારત્વની સેવાઓને બિરદાવવામાં આવી હતી.



આ સાથે જ, ભાવનગર જિલ્લા આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ તરીકે તાજેતરમાં જ જેમની નિમણૂક થઈ છે તેવા યુવા અગ્રણી બનભા મોરીનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમને ડો. બાબાસાહેબ આંબેડકરની આત્મકથાનું પુસ્તક ભેટ આપીને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ સન્માન વિધિ નવસર્જન ટ્રસ્ટના ટ્રસ્ટી અરવિંદભાઈ મકવાણા અને નિરુબેન ચોરસિયાના હસ્તે કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા મહાપુરુષોના વિચારો સમાજમાં પ્રસરે તેવા ઉમદા હેતુથી પુસ્તક આપીને આ સન્માનિત કરવાની પરંપરાને સ્થાનિકોએ આવકારી હતી.

# રાણપુરમાં જળ સેવા આંકલન ખાસ ગ્રામસભાનું આયોજન



તસવીર : વિપુલ લુહાર

બોટાદ,તા.૨૦

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ગ્રામ પંચાયત ખાતે જળ સેવા આંકલન અંતર્ગત ખાસ ગ્રામસભા યોજવામાં આવી.રાણપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી મહાવીરદાસ દેવમુરારી અને ઉપ.સરપંચ રાજુબેન દિનેશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં રાણપુર શહેરમાં સ્વચ્છ પીવાનું પાણી નિયમિત રીતે પાણી મળી રહે તે માટે ચર્ચા કરવામાં આવી તેમજ પાણી સમિતિની રચના કરવામાં આવે તેમજ રાણપુર શહેરમાં પીવાના પાણીની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# ભાવનગરમાં ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપનું આયોજન

**ચેમ્પિયનશિપમાં ૪૦૦ થી વધુ કરાટેના વિદ્યાર્થીઓ ભાગ લેશે**



ભાવનગર,તા.૨૦

ઈન્ટરનેશનલ કરાટે સંસ્થા કરાટે એકેડેમી ઓફ જાપાન ગોજુરીયુ ઈન્ડિયા, ભાવનગર દ્વારા તા. ૦૧-૦૨ને રવિવારના રોજ સ્પોર્ટ કોમ્પલેક્ષ, સિદસર, ભાવનગર ખાતે ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાવનગર ઉપરાંત અમદાવાદ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ વગેરે જિલ્લાના ૪૦૦ થી વધુ કરાટેના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

આ સ્ટેટ લેવલની કોમ્પિટિશનમાં ભાવનગર જિલ્લાનાં શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા તેમજ સામાજિક સંસ્થા સાથે જોડાયેલ તથા અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ હાજર રહી કરાટેકાઓનો ઉત્સાહ વધારશે. આ ચેમ્પિયનશિપમાં ૧ થી ૩ માં નંબર લાવનાર દરેક સ્પર્ધકોને મેડલ તેમજ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે.

આ ચેમ્પિયનશીપને સફળ બનાવવા સંસ્થાના ભારત ખાતેના ચીફ ઈન્સ્ટ્રક્ટર શિહાન પ્રદીપભાઈ પારેખ તેમજ સંસ્થાના બ્લેક બેલ્ટ ઈન્સ્ટ્રક્ટર્સ જહેમત ઉઠાવી રહ્યા છે.

# શોભાવડ જ્યોતિ ગ્રામના વિસ્તારમાં વ્યાપક વીજ ધાંધિયા

## દરરોજ સવારથી બપોર સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતા વ્યાપાર ધંધા અને જનજીવનને વ્યાપક અસર

તળાજા, તા.૨૦

તળાજા તાલુકાના શોભાવડ જ્યોતિ ગ્રામ યોજનાના ગ્રામ વિસ્તારમાં છેલ્લા આઠ દિવસથી ૪ થી ૫ કલાક નિયમિત રીતે વીજ પુરવઠો ખોરવાઈ જતાં ગ્રામજનો ભારે હાડમારી વેઠી રહ્યા છે આ સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મળતી માહિતી મુજબ તળાજા પીજીવિસીએલ વિસ્તારમાં આવેલા શોભાવાડ જયોતિ ગ્રામ યોજના હેઠળના શોભવડ, સાખડાસર, નવા, જૂના સાંગાણા, નવી,જૂની કામળોલ સહિતના તમામ ગામોમાં છેલ્લા આઠ દિવસથી સવારે ૭ થી વાગ્યાથી ૧૧ થી ૧૨ વાગ્યા સુધી નિયમિત રીતે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. જેમાં ૨ દિવસ તો આખો દિવસ વીજ પુરવઠો ખોરવયેલો રહ્યો હતો. સતત મેઈન્ટન્સ કરવામાં આવતું હોવાના તંત્રના દાવા છતાં નિયમિત એક જ ટાઈમે વીજળી કેમ ડૂલ થઈ જાય છે.? તે અંગે સવાલ ઉઠ્યા છે.

આવું બને ત્યારે ગ્રામજનો ફોન પર ફરિયાદ કરે ત્યારે લો વોલ્ટેજ વીજ પુરવઠો આપી દેવામાં આવે છે. વીજ કંપનીના નિર્ભર તંત્રના જ્યોતિ ગ્રામ વીજ યોજના સદંતર નિષ્ફળ ગઈ હોવાનો અહેસાસ થતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયેલો જોવા મળે છે .

# હરિદ્વારથી ગંગાજળ લાવી તખ્તેશ્વર મહાદેવને જળાભિષેક

## સનાતન ધર્મના પ્રચાર અને નશામુક્તિના સંદેશ સાથે 'ભાગીરથ રન' ભાવનગરમાં સંપન્ન

ભાવનગર,તા.૨૦

નવયુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સનાતન ધર્મનો પ્રચાર અને યુવા પેઢીને નશામુક્તિ તરફ વાળવાના ઉમદા હેતુ સાથે આયોજિત "ભાગીરથ રન" ઉત્સાહભેર ભાવનગર શહેરમાં પ્રવેશી છે. હરિદ્વારથી શરૂ થયેલી આ ભવ્ય રનનું અંતિમ ચરણ ભાવનગરના સુપ્રસિદ્ધ તખ્તેશ્વર મહાદેવ મંદિરે ગંગાજળાભિષેક સાથે સંપન્ન થઈ હતી.

?આ આયોજનની શરૂઆત ગત ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ હરિદ્વારથી થઈ હતી. અંદાજે ૧૪૦૦ કિલોમીટર જેટલું અંતર રીલે રન દ્વારા કાપીને, દોડવીરો પવિત્ર ગંગાજળ લઈને ૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ



જામનગર જિલ્લાના ખરેડી ગામે પહોંચ્યા હતા. ત્યાં ખરડેશ્વર મહાદેવને પ્રથમ ગંગાજળાભિષેક કરવામાં આવ્યો હતો.ત્યારબાદ આ યાત્રાના બીજા ચરણમાં ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ખરેડી ગામથી ૩૦ જેટલા ઉત્સાહી યુવાનો અને પોલીસ જવાનો રીલે રન દ્વારા ગંગાજળ લઈને ભાવનગર આવવા રવાના થયા હતા. આ માર્ગ ?ખરેડી, ગોંડલ અને ઢસામાં ભવ્ય સ્વાગત થયું હતું. ?સાંઢીડા મહાદેવ ખાતે ગંગા જળાભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ?સેંજળીયા, સોનગઢ, શિહોર અને વરતેજ થઈને આ દોડવીરો નારી ચોકડી મારફતે ભાવનગર શહેરમાં પ્રવેશ્યા છે, જ્યાં તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

?સમગ્ર રૂટ દરમિયાન વિવિધ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા દોડવીરોનું પુષ્પવર્ષા અને જયઘોષ સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દોડનો મુખ્ય ઉદ્દેશ્ય સનાતન ધર્મની જ્યોત જલાવવી અને આજની યુવા પેઢી જે નશાના માર્ગે જઈ રહી છે. તેમને નશામુક્તિનો મજબૂત સંદેશ આપવાનો છે. આ ભાગીરથ રનના દોડવીરો તખ્તેશ્વર મહાદેવના મંદિરે પહોંચ્યા છે, જ્યાં પવિત્ર ગંગાજળ વડે મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો. નવયુવક ચેરીટેબલ ટ્રસ્ટના આ ભગીરથ કાર્યને લોકોને બિરદાવ્યું હતું.

# લેબર લો પ્રેકટીશનર્સ એસોસિએશનના પ્રમુખ સહિતના હોદેદારો બિનહરીફ

## વર્ષ ૨૦૨૫ના હોદેદારોને યથાવત રાખવા બહુમતીથી ઠરાવ કરાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગર જીલ્લાના લેબર લો પ્રેકટીશનર્સનું પ્રતિનિધિત્વ ધરાવતા ભાવનગર લેબર લો પ્રેકટીશનર્સ એસોસિએશન, ભાવનગરના સને ૨૦૨૬ ના વર્ષ માટેના હોદેદારોની ચુંટણી માટે મિટિંગ મળી હતી.જેમાં ૨૦૨૫ ના વર્ષના હોદેદારોને યથાવત રાખવા બહુમતી ઠરાવ કરવામાં આવ્યો હતો. ઠરાવ મુજબ પ્રમુખપદે ચૌહાણઅજયકુમારસિંહ રામરતન સિંહ (અમિત ચૌહાણ), ઉપ પ્રમુખપદની ૨ જગ્યા પર કે.એન.સિંહ, મહામંત્રીની ૧ જગ્યા પર ઘનશ્યામ એમ.પારેખ, મંત્રીપદની ૨ જગ્યા પરદિપક એચ.રાવલ, અજય પી.પારેખ,સંગઠન મંત્રીની જગ્યા પર તુષાર એન વસોયા, ખજાનચી પદે ભરત ડી.જોષી. ની વરણી કરાઈ હતી.

એસોસિએશનની તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મળેલ સામાન્ય સભામાં પ્રમુખની સંમતિથી ઉપપ્રમુખ પદ પરથી પ્રતિભા ઠકકરના રાજીનામું આવતા જેની જગ્યા પર ઉપ પ્રમુખ મયુર બી.ઓઝા, સહમંત્રીની જગ્યા પર મુકેશ. વી.સોજીત્રાની નિમણૂંક કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)